**<u>રાજકોટનાં મહે.ત્રીજા એડી. જ્યુ. મેજી. (ફ.ક.) ની કોર્ટમાં, મુ:: રાજકોટ</u>**

**ફોજદારી કેસ નં. 54580/2025**
**આંક–**

**ફરિયાદીઃ** સરકાર શ્રી

વિરુધ્ધ

**આરોપીઃ** **અખીલેશકુમાર હનુમાન કશ્યપ,રહે.રાજકોટ**

**<u>ગુન્હોઃ બી.એન.એસ ની કલમ - ૨૮૫ મુજબ</u>**
**:: ચુકાદો ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના હવાલાવાળું વાહન બીજા માણસોની જીદગી જોખમાય તે નડતરરૂપ રોડ ઉપર રાખી ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ બી.એન.એસ ની કલમ-૨૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરી, આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં બી.એન.એસ ની કલમ–૨૮૫ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને બી.એન.એસ.એસ ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી.

(૩) આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આંક-૩ થી આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી આંક-૨ થી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીસને ઘ્યાને લેતા, એવુ જણાઈ આવે છે કે , આરોપીની આર્થિક સ્થિત સારી નથી અને આરોપી સદર ગુનાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે. વધુમાં, ગુનાની દંડની જોગવાઈ ઘ્યાને લેતા અને આરોપીની આર્થીક અને સામાજિક સ્થિતિ ઘ્યાને લેતા, જે આરોપીને દંડ કરીને છોડવામાં આવે તો,ન્યાયનું હિત જળવાઈ રહે છે.વધુમાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**<u>હુકમ</u>**

આ કામના આરોપી **અખીલેશકુમાર હનુમાન કશ્યપ,રહે.રાજકોટ** ને બી.એન.એસ.એસ ની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ ની કલમ–૨૮૫ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૧૦૦/– (રૂપિયા એક સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૧૩ મી,માહે ડિસેમ્બર, સને ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

( એસ . ડી. હીંગુ)
ત્રીજા અધિક સિવીલ જજ,રાજકોટ
યુઆઈડી:–જીજે૦૧૬૦૭

રાજકોટ
તા.૧૩/૧૨/૨૦૨૫

ફોજદારી દંડની રકમ રૂ.૧૦૦/–
દંડની પહોંચ નં......... તા.૧૩/૧૨/૨૦૨૫
થી વસુલ લીધી.

Nazir
C.J.M.Court,Rajkot